| | |
|---|---|
| દાખલ તારીખ | |
| રજીસ્ટરે લીધા તારીખ | |
| ફેસલ તારીખ | ૦૯/૦૯/૨૦૨૩ |
| સમય ગાળો | વર્ષ માસ દિવસ |

**મે. રાજકોટના જયુડી. મેજીસ્ટ્રેટ ફ. ક. સાહેબશ્રીની (ટ્રાફીક) કોર્ટમાં,**

**ક્રીમી. કેસ નં–૮૨૦૦/૨૩**

**આંક –**

**ફરીયાદી – નામદાર સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપીઓ – ૧.મોહન મનજી સોલંકી**
**૨.રમેશ જીવા મકવાણા**
**૩ નરેશ હરી બથવાર**
**૪ જેરામ જીવણ મુછડીયા**
**૫ દીપક વશરામ મકવાણા**
**૬ પ્રવિણ ભીખા મુછડીયા**
**૭ ગીરીશ મોહન સોંલંકી**

**ગુનો – ગુજરાત જુગારધારા પ્રતિબંધની કલમ–૧૨ મુજબ...**

**–ઃ ચુકાદો ઃ–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકી હકિકત છે કે, આરોપીઓ ફરીયાદમાં જણાવેલ તારીખે, સમયે અને સ્થળે જાહેર જગ્યાએ પાસ પરમીટ વગર જુગાર રમતા–રમાડતા મળી આવી જુગારધારાની ક.–૧૨ મુજબનો ગુનો કરેલ. જેની ફરીયાદ થતા આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ. અમુક આરોપીઓ હાજર થતા તેઓને નકલો આપવામાં આવેલ હતી. આરોપીએ ગુનો કબુલ કરવાની રજુઆત કરતા તેઓને તેઓના સામેના ગુનાની ગંભીરતા સમજાવવામાં આવેલ છે તેમ છતાં તેઓ સ્વૈચ્છીક કબુલાત કરતા હોઈ અને જે મતલબની પુરસીસ રજુ હોય જેથી તેઓની ગુનાની પ્લી રેકર્ડ કરતા આરોપીએ તેમાં પણ ગુનાનો એકરાર કરેલ છે અને ગુનો કરેલ હોવાનું કબુલ રાખેલ છે. વધુમાં મૌખિક રજુઆત કરતા જણાવેલ છે કે, અમોને ગુનો કબુલ કરવો છે. અમો આરોપી ગરીબ વર્ગના માણસ છીએ, અમો અમારા કુટુંબના વડીલ વ્યક્તિ છીએ. અમારી આ પ્રથમ ભુલ છે. અમોને ગુનો કર્યાનો પસ્તાવો થાય છે, અમો હવેથી અન્ય ગુનો ના થયા તેનું ધ્યાન રાખીશું. અમારુ કુંટુબ અમારા ઉપર નિર્ભર છે. જેથી

અમારી કબુલાત સ્વીકારવા તેમજ કાયદામાં ઠરાવેલ સજા કરતા ઓછી સજા કરવા નામદાર કોર્ટને વિનંતી છે.

**(૨)** આરોપીઓને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે તેમ છતાં તેઓ ગુનો કબુલ કરવા માગે છે અને તેથી ઉપરોક્ત હકિકતે આરોપીની સ્વૈચ્છીક કબુલાત નહી માનવાને કોઈ કારણ રહેતુ નથી. ચાર્જશીટ પરથી આરોપીએ અગાઉ કોઇ ગુનો કરેલ હોય કે સંડોવાયેલા તેવી કોઇ વીગત જણાતી નથી. જેથી સદર કેસની હકિકત જોતા આરોપીની ઉમર જોતા, તેઓની સ્વૈચ્છીક કબુલાત ધ્યાને લેતા તેમજ આરોપી ઉપરના આક્ષેપીત ગુનાની સજા જોતા આરોપીની કબુલાત સ્વીકારવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાય છે. ઉપરાંત આરોપીએ કરેલ ગુના માટે ત્રણસો રૂપીયા સુધીના દંડની અને ત્રણ મહિના સુધીની કેદ એમ બન્ને શિક્ષાની જોગવાય છે. જેનો મતલબ કોર્ટ ઉઠતા સુધીની સજાથી લઇ ૩ મહિના અને એક રૂપીયા થી રૂ.૩૦૦/– સુધી આમ બન્ને સજા થઈ શકે તેમ છે. જેથી કલમમાં જણાવેલ સજા અને ના. ગુજરાત હાઈકોર્ટનો નટવર હરચંદજીનો ચુકાદો ધ્યાને લેતા આરોપીઓને નીચે મુજબની સજા કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાય તેમ છે જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## /// <u>હુકમ</u> ///

- **પ્રત્યેક આરોપીને ક્રિ.પો.કોડ–૧૯૭૩ ની કલમ–૨૫૨ મુજબ જુગારાધારા પ્રતિબંધ ની ક.૧૨ મુજબનો ગુનો કરવા બદલ દોષિત ઠરાવવામાં આવે છે.**
- **પ્રત્યેક આરોપીને સદર ગુનો કરવા બદલ કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂ.૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા) કુલ રૂા. ૯૦૦ /–(અંકે રૂપિયા નવસોપુરા) નો દંડ કરવામાં આવે છે. જો કોઈ આરોપી સદર દંડની રકમ ના ભરે તો દિન–3 ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.**
- **સદર કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ આરોપીઓ કલેઇમ કરતા ન હોય જેથી સદર કામે કબજે કરેલ નાણા અપીલ સમય બાદ સરકારમાં જમા કરવા, કિંમતી મુદામાલની નીયમો મુજબ હરાજી કરી તેના ઉપજેલા નાણા સરકાર જમા કરવા અને બિનકિંમતી મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

હુકમ આજ તા.૦૯/૦૯/૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

તારીખઃ ૦૯/૦૯/૨૦૨૩
સ્થળઃ રાજકોટ.

એલ.આર. ગજજર
જયુડી. મેજીસ્ટ્રેટ ફ. ક.(ટ્રાફીક)
રાજકોટ.
UIC CODE GJ01610